RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 179* Date: 27.04.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩.૫૪ લાખ નવા કેસ, ૨૮૦૦થી વધુના મોત

# બેલગામ કોરોના : દૈનિક કેસ મામલે તમામ રેકોર્ડ ધ્વસ્ત,મૃત્યુઆંક પણ વધ્યો

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારત હાલ કોરોનાની ભયાનક લહેરનો સામનો કરી રહ્યો છે. દરરોજ દેશમાં કોરોનાના રેકોર્ડ સમાન નવા કેસ સામે આવી રહ્યા છે. દેશમાં સોમવારે કોરોનાના કુલ ૩.૫૪ લાખ નવા કેસ સામે આવ્યા હતા જે વિશ્વનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે.

ભારતમાં સતત ૫મા દિવસે કોરોનાના ૩ લાખ કરતા પણ વધારે નવા કેસ સામે આવ્યા છે. મતલબ કે, છેલ્લા ૫ દિવસમાં જ દેશમાં કોરોનાના ૧૫ લાખથી વધારે નવા કેસ સામે આવ્યા છે.

કોરોના સંકટની શરૂઆતમાં ભારતે સમગ્ર વિશ્વની મદદ કરી હતી. રેમડેસિવિરથી લઈને વેક્સિન પૂરી પાડવા સુધી ભારત ક્યાંય પાછું નહોતું પડ્યું. હવે જ્યારે ભારત પર કોરોનાની નવી લહેર ત્રાટકી છે તો દુનિયાના અનેક દેશ ભારતની સાથે છે. અમેરિકાએ વેક્સિન ઉત્પાદન માટે કાચો માલ આપવાની વાત કરી છે અને સાથે જ અન્ય કેટલીક મદદોની જાહેરાત કરી છે.

યુકેએ સારવાર માટે ઉપયોગી અનેક ઉપકરણો રવાના કરી દીધા છે. સાઉદી અરેબિયા, સિંગાપુર જેવા અનેક દેશો હાલ ભારતને ઓક્સિજન કન્ટેનર્સ પૂરા પાડી રહ્યા છે.

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના વધતા સંકટ વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જાહેરાત કરી હતી કે દિલ્હીમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને મફત વેક્સિન આપવામાં આવશે. દિલ્હીના મુખ્યમંત્રીએ માહિતી આપી છે કે રાજ્ય સરકારે ૧.૩૪ કરોડ વેક્સિનનો ઓર્ડર આપ્યો છે, ૧ મે થી દિલ્હીમાં વેક્સિનેશનની કામગીરી મોટા પાયે કરવામાં આવશે.

અરવિંદ કેજરીવાલે વેક્સિન નિર્માતાઓને અપીલ કરી છે કે કેન્દ્ર, રાજ્ય અને ખાનગી હોસ્પિટલોને એક સમાન કિંમતે વેક્સિન મળવી જોઈએ. વેક્સિન ઉત્પાદકો દાવો કરે છે કે ૧૫૦ રૂપિયાની વેક્સિનમાં પણ ફાયદો થઈ રહ્યો છે, તો શા માટે જુદા જુદા ભાવો રાખવામાં આવી રહ્યા છે.દિલ્હીના મુખ્યમંત્રીએ અપીલ કરી છે કે નફો કમાવવા માટે આખું જીવન પડ્યું છે, આવી સ્થિતિમાં રાજ્ય સરકારોને પણ ઓછી કિંમતે આ વેક્સિન મળવી જોઈએ. કેન્દ્ર સરકારે આ બાબતે દખલ કરવી જોઈએ.

મહારાષ્ટ્ર:રવિવારે ૬૬,૧૯૧ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. ૬૧,૪૫૦ લોકો સાજા થયા અને ૮૩૨ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૪૨ લાખ ૯૫ હજાર લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩૫.૩૦ લાખ લોકો સાજા થયા છે, જ્યારે ૬૪ હજાર ૭૬૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૬ લાખ ૯૮ હજાર ૩૫૪ દર્દીઓની હાલ સારવાર કરવામાં આવી રહી છે.

ઉત્તરપ્રદેશ:રવિવારે ૩૫,૩૧૧ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૨૫,૬૩૩ લોકો સાજા થયા અને ૨૦૬ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૦ લાખ ૮૬ હજાર લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાં ૭ લાખ ૭૭ હજાર લોકો સાજા થયા છે. જ્યારે ૧૧,૧૬૫ દર્દીનાં મોત થયાં હતાં, ૨ લાખ ૯૭ હજારની સારવાર ચાલી રહી છે.

દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીમાં રવિવારે ૨૨,૯૩૩ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૨૧,૦૭૧ લોકો સ્વસ્થ થયા અને ૩૫૦ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૧૦ લાખ ૨૭ હજાર લોકોને સંક્રમણ લાગ્યું છે. આમાં ૯ લાખ ૧૮ હજાર સાજા થયા છે, જ્યારે ૧૪,૨૪૮ દર્દી મૃત્યુ પામ્યા છે. ૯૪,૫૯૨ની સારવાર ચાલી રહી છે.

છત્તીસગઢ:રવિવારે, ૧૨,૬૬૬ લોકોને સંક્રમણ લાગ્યું હતું. ૧૧,૫૯૫ લોકો સ્વસ્થ થયા અને ૧૯૦ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યારસુધીમાં ૬ લાખ ૫૨ હજાર લોકો સંક્રમણથી અસરગ્રસ્ત થયા છે, તેમાંથી ૫ લાખ ૨૧ હજારો લોકો સાજા થઈ ચૂક્યા છે, જ્યારે ૭,૩૧૦ દર્દી મૃત્યુ પામ્યા છે. ૧ લાખ ૨૩ હજારની સારવાર ચાલી રહી છે.



ગુજરાત:રવિવારે રાજ્યમાં ૧૪,૨૯૬ લોકો પોઝિટિવ મળી આવ્યા હતા. ૬,૭૨૭ લોકો સ્વસ્થ થયા અને ૧૫૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૪ લાખ ૯૬ હજાર લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે, તેમાંથી ૩ લાખ ૭૪ હજાર લોકો સાજા થયા છે, જ્યારે ૬,૩૨૮ દર્દી મૃત્યુ પામ્યા છે. અહીં ૧,૧૫,૦૦૬ દર્દી સારવાર લઈ રહ્યા છે.

મધ્યપ્રદેશઃ રવિવારે રાજ્યમાં ૧૩,૬૦૧ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૧૧,૩૨૪ લોકો સ્વસ્થ થયા અને ૯૨ લોકો મૃત્યુ પામ્યા. અત્યારસુધીમાં ૪ લાખ ૯૯ હજાર ૩૦૪ લોકોને સંક્રમણ લાગ્યું છે, તેમાંથી ૪ લાખ ૦૨ હજાર ૬૨૩ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૧૩૩ લોકોનાં મોત થયાં છે. અહીં ૯૧,૫૪૮ દર્દી સારવાર લઈ રહ્યા છે.

## યુએઈએ ભારતની હિંમત વધારી, ત્રિરંગાના રંગે રંગાયુ બુર્જ ખલીફા




આબુધાબી,તા.૨૬

ભારતમાં કોરોના વાયરસ મહામારીથી પરિસ્થિતિ વિકરાળ બની છે તેની વચ્ચે દુનિયાભરના કેટલાંય દેશો મદદ માટે આગળ આવી રહ્યા છે. આ બધાની વચ્ચે છઈએ ભારતના પ્રત્યે એકજૂથતા દેખાડવા માટે દુનિયાની સૌથી ઊંચી બિલ્ડિંગમાંથી એક બુર્જ ખલીફાને તિરંગાના રંગે રંગી દેવાયું. એટલું જ નહીં યુએઈએ અબુધાબીની રાષ્ટ્રીય ઓઈલ કંપનીના ટાવરને પણ તિરંગામાં દેખાડયું. આ બંને બિલ્ડિંગ્સ પર હેશટેગની સાથે #StayStrongIndiaનો મેસેજ પણ દેખાયો.

UAEની આ બિલ્ડિંગ્સ પર છેલ્લાં કેટલાંક વર્ષથી ભારતના સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ અને ગાંધી જયંતીના અવસર પર તિરંગાના રંગમાં પ્રદર્શિત કરાય છે. પરંતુ એવું પહેલી વખત બન્યું કે આ દેશે ભારતના પ્રત્યે પોતાનું સમર્થન આ રીતે વ્યકત કર્યું હોય.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૪૩૪૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૫૧૦૩૭૩**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૫૮**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૭૭૨૭**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૮૨૪૨૬**

### કોરોનાની બીજી લહેર માટે ચૂંટણી પંચ જવાબદાર, મતગણતરી રોકવાની ચેતવણી

# ચૂટણી પંચનાના ઓફિસરો પર હત્યાનો કેસ દાખલ કરો - મદ્રાસ હાઇકોર્ટ

ચેન્નઇ,તા.૨૬

મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણી પંચને કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેર ઉભરી રહી હતી ત્યારે રાજકીય પક્ષોને ચૂંટણીઓ માટે રેલીઓ કરવાની મંજૂરી આપવાને લઇ બરાબર ખખડાવ્યું. મુખ્ય ન્યાયાધીશ સંજીબ બેનર્જીએ એક સુનવણી દરમ્યાન કહ્યું કે 'ચૂંટણી પંચના અધિકારીઓની સામે હત્યાના આરોપો પર કેસ નોંધાવો જોઇએ.'

કોર્ટ મામલાની વેબસાઇટ લાઇવ લૉના મતે મુખ્ય ન્યાયાધીશ સંજીબ બેનર્જીએ ભારતના ચૂંટણી પંચને કહ્યું કે તમારી સંસ્થા કોરોનાની બીજી લહેર માટે જવાબદાર છે. મદ્રાસ હાઇકોર્ટે ચેતવણી આપી દીધી કે જો બીજી મેના રોજ પંચે કોરોના પ્રોટોકોલનું પાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય યોજના બનાવશે નહીં તો મતગણતરી પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકી દેવાશે.

મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણી પંચ પર કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેર દરમિયાન રાજકીય રેલીઓને પરવાનગી આપવાને લઇ ફટકાર લગાવી છે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ બેનર્જીએ એક સુનાવણી દરમિયાન કહ્યું કે ચૂંટણી પંચના અધિકારીઓ સામે હત્યાના આરોપો પર કેસ દાખલ કરવો જોઇએ.

કોર્ટના મામલાની વેબસાઇટ લાઇવ લૉ અનુસાર, હાઈકોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે તમારી સંસ્થા કોરોના વાયરસની બીજી લહેર માટે જવાબદાર છે. મદ્રાસ હાઈકોર્ટે ચેતવણી આપી છે કે જો ૨મેના રોજ ઈલેક્શન કમિશન(ચૂંટણી પંચ) કોરોના પ્રોટોકોલનું પાલન સુનિશ્ચિત કરવા માટે યોગ્ય યોજના ન બનાવી તો મતગણતરી પર તરત રોક લગાવી દેવામાં આવશે. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે ચૂંટણી પંચને કહ્યું કે, લોકોનું સ્વાસ્થ્ય સૌથી વધારે અગત્યનું છે અને એ ચિંતાજનક છે કે બંધારણીય અધિકારીઓને આ પ્રકારની વાતો યાદ અપાવવી પડી રહી છે. જ્યારે કોઇ વ્યક્તિ જીવિત રહેશે ત્યારે તે પોતાના લોકતાંત્રિક અધિકારોનો લાભ લઇ શકશે.

મુખ્ય ન્યાયધીશે કહ્યું કે, સ્થિતિ હવે અસ્તિત્વ અને સુરક્ષાની છે. ત્યાર પછી બીજી બધી વાત આવે છે. સુનાવણી દરમિયાન રાજ્યના સ્વાસ્થ્ય સચિવની સલાહ પછી હાઈકોર્ટે ચૂંટણી પંચને આદેશ આપ્યો કે મતગણતરીના દિવસે કોરોના પ્રોટોકોલ લાગૂ કરવાની યોજનાને ૩૦ એપ્રિલના રોજ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે.

હાઈકોર્ટમાં જ્યારે ચૂંટણી પંચે જવાબ આપ્યો કે તેમના દ્વારા કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવ્યું, મતદાનના દિવસે નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. જેના પર મુખ્ય ન્યાયાધીશે નાખુશ થઈ ચૂંટણી પંચને પૂછ્યું કે, શું તમે કોઇ અન્ય ગ્રહ પર હતા જ્યારે ચૂંટણી રેલીઓ આયોજિત કરવામાં આવી હતી?

તમને જણાવી દઇએ કે, દેશના પાંચ રાજ્યોમાં કોરોના સમયમાં ચૂંટણી થઇ રહી છે. ચાર રાજ્યોમાં ચૂંટણી સમાપ્ત થઇ ગઇ છે, જ્યારે બંગાળમાં હજુ પણ મતદાન ચાલી રહ્યું છે. ચૂંટણીવાળા રાજ્યોમાં મતદાન ખતમ થયા પછી કોરોનાના કેસો વધવાને કારણે પ્રતિબંધો લાગૂ કરવામાં આવ્યા છે.

ભારતની વાત કરીએ તો રોજ દેશમાં ૩.૫ લાખથી વધારે કેસો સામે આવી રહ્યા છે. સ્થિતિ કાબૂ બહાર ચાલી ગઇ છે. દિલ્હીથી લઇ મુંબઈ, બેંગલોર, અમદાવાદ, સુરત, લખનૌ અને કોલકાતા જેવા શહેરોમાં બેડ્સની અછત જોવા મળી રહી છે. ઓક્સિજનના અછતનું સંકટ આખા દેશમાં જોવા મળી રહ્યું છે અને તેને લઇ દર્દીઓની સ્થિતિ કફોડી બની છે.

## ગુજરાત સહિત દેશના આઠ રાજ્યોમાં સ્થિતિ ખરાબ, ૧ લાખથી વધુ એક્ટિવ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં દરરોજ કોરોના કેસમાં સતત વધારો થી રહ્યો છે. દેશમાં એક દિવસમાં સાડા ત્રણ લાખ કરતા વધુ કેસ સામે આવ્યા છે. વિશ્વમાં અત્યાર સુધી એક દિવસમાં આટલા કેસ ક્યાંય સામે આવ્યા નથી. સરકાર કોરોના સંકટનો સામનો કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે. સોમવારે દેશમાં ૩,૫૨,૯૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૮ લાખને પાર પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેષ, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ એવા રાજય છે જયાં ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. આ સાથે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, અત્યાર સુધી ૧૪.૧૯ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

સંયુક્ત સચિવ (સ્વાસ્થ્ય મંત્રાલય) લવ અગ્રવાલે જણાવ્યુ, આ સમયે દેશમાં ૮૨ ટકા કોરોના દર્દીઓ સાજા થઈ ગયા છે. આશરે ૧૬.૨૫% કેસ એટલે કે ૨૮,૧૩,૬૫૮ કેસ એક્ટિવ છે. તેમણે આગળ કહ્યું કે, કેટલાક રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા વધુ છે. જેમાં મહારાષ્ટ્ર, યૂપી, કર્ણાટક, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ સામેલ છે. દેશભરમાં અત્યાર સુધી વેક્સિનના ૧૪,૧૯,૦૦,૦૦૦ ડોઝ આપવામાં આવ્યા છે.

તો ગૃહ મંત્રાલયમાં અધિક સચિવે જણાવ્યું કે, ભારત ખરીદી અને ભાડા બન્ને આધાર પર વિદેશોથી ઓક્સિજન ટેક્રર મંગાવી રહ્યું છે. ઓક્સિજન ટેક્રરોનું પરિવહન એક મોટો પડકાર છે. રીયલ-ટાઈમ ટ્રેકિંગનો ઉપયોગ કરતા, અમે ઓક્સિજન ટેક્રરોની અવર-જવર પર નજર રાખી રહ્યાં છીએ.

એમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યુ, જે પણ કોવિડ પોઝિટિવ આવે છે તેમાં તે પેનિક થઈ જાય છે કે ક્યાંક બાદમાં ઓક્સિજન અને હોસ્પિટલમાં દાખલ ખવાની જરૂર ન પડે તેથી હું અત્યારે દાખલ થઈ જાવ છું. હોસ્પિટલોની બહાર ભારે ભીડ થાય છે અને જરૂરી દર્દીઓને સારવાર મળતી નથી. તેમણે આગળ કહ્યું કે, આપણે કેસની સંખ્યા ઓછી કરવી પડશે અને હોસ્પિટલના સંસાધનોનો સારો ઉપયોગ કરવો પડશે. ઓક્સિજનનો વિવેકપૂર્ણ ઉપયોગ ખુબ મહત્વપૂર્ણ છે. હાલમાં એક બિનજરૂરી ડર છે.

## હવે સમય આવી ગયો છે કે લોકો પોતાના ઘરમાં પણ માસ્ક પહેરે: સરકાર

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના વાયરસની સ્થિતિને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સોમવારે પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન સંયુક્ત સચિવે જણાવ્યુ કે, પાછલા વર્ષના મુકાબલે આ વખતે કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. આ વાયરસ માત્ર મનુષ્યોમાં ફેલાઈ છે, જેને રોકવા માટે કોવિડ-૧૯ એપ્રોપ્રિયેટ બિહેવિયર લાગૂ રાખવું પડશે.

સોમવારે દેશમાં ૩,૫૨,૯૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે એક્ટિવ કેસની સંખ્યા ૨૮ લાખને પાર પહોંચી ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેષ, કેરલ, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત અને તમિલનાડુ એવા રાજ્ય છે જ્યાં ૧ લાખથી વધુ એક્ટિવ કેસ છે. આ સાથે સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, અત્યાર સુધી ૧૪.૧૯ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

નીતિ આયોગના સભ્ય વીકે પોલે કહ્યુ કે, હવે સમય આવી ગયો છે કે તમારે ઘરમાં પણ માસ્ક પહેરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, જો કોઈ વ્યક્તિમાં કોરોનાના હળવા લક્ષણ જોવા મળે છે, પરંતુ રિપોર્ટમાં તેની પુષ્ટિ થતી નથી, તો તેણે કેટલોક સમય ક્વોરેન્ટાઈન રહેવાની જરૂર છે. જો ઘરમાં કોઈ સંક્રમિત છે તો માનીને ચાલો કે તમે પોઝિટિવ છો. તેથી જરૂરી છે કે ઘર પર પણ માસ્કનો ઉપયોગ કરવામાં આવે.

એમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યુ, જે પણ કોવિડ પોઝિટિવ આવે છે તેમાં તે પેનિક થઈ જાય છે કે ક્યાંક બાદમાં ઓક્સિજન અને હોસ્પિટલમાં દાખલ ખવાની જરૂર ન પડે તેથી હું અત્યારે દાખલ થઈ જાવ છું. હોસ્પિટલોની બહાર ભારે ભીડ થાય છે અને જરૂરી દર્દીઓને સારવાર મળતી નથી. તેમણે આગળ કહ્યું કે, આપણે કેસની સંખ્યા ઓછી કરવી પડશે અને હોસ્પિટલના સંસાધનોનો સારો ઉપયોગ કરવો પડશે. ઓક્સિજનનો વિવેકપૂર્ણ ઉપયોગ ખુબ મહત્વપૂર્ણ છે. હાલમાં એક બિનજરૂરી ડર છે.

તો ગૃહ મંત્રાલયમાં અધિક સચિવે જણાવ્યું કે, ભારત ખરીદી અને ભાડા બન્ને આધાર પર વિદેશોથી ઓક્સિજન ટેક્રર મંગાવી રહ્યું છે. ઓક્સિજન ટેક્રરોનું પરિવહન એક મોટો પડકાર છે. રીયલ-ટાઈમ ટ્રેકિંગનો ઉપયોગ કરતા, અમે ઓક્સિજન ટેક્રરોની અવર-જવર પર નજર રાખી રહ્યાં છીએ.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાના ડરથી આઇપીએલ છોડી રહ્યા છે ક્રિકેટરો છતાં ટૂર્નામેન્ટ રમાડવા બોર્ડ મક્કમ




*ભારતમાં વધી રહેલા કોરોના સંકટથી આઇપીએલના સલામત ગણાતા બાયો બબલમાં પણ ખેલાડીઓ હવે ચિંતિત છે અને કેટલાક ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ ઉપરાંત ભારતના અનુભવી ઓફ સ્પિનર ??રવિચંદ્રન અશ્વિનને પણ લીગ વચ્ચેથી છોડી દીધી છે, જ્યારે બીસીસીઆઇએ કહ્યું હતું કે આ રમત ચાલુ રહેશે. રવિવારે સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મેચ જીત્યા બાદ દિલ્હી કેપિટલ્સના અશ્વિને ટ્વીટ કર્યું હતું કે, હું આવતીકાલથી આ સીઝનની આઈપીએલમાંથી વિરામ લઈ રહ્યો છું. મારું કુટુંબ કોરોના રોગચાળા સામે લડી રહ્યું છે અને આ મુશ્કેલ સમયમાં તેને મારી મદદની જરૂર છે.*

*ઓસ્ટ્રેલિયન ખેલાડી એન્ડ્રયુ ટાઇએ ઇન્ડિયન પ્રીમિયર લીગની ૧૪મી સીઝન છોડ્યા બાદ તેના સાથી ખેલાડી એડમ જમ્પા(Adam Zampa) અને કેન રિચાર્ડસન(Kane Richardson) પણ ટૂર્નામેન્ટમાંથી બહાર નીકળી ગયા છે. ભારતમાં કોરોના વાયરસના વધતા જતા કેસોથી ડરીને આ ત્રણેય ખેલાડીઓએ આ ટૂર્નામેન્ટમાંથી તેમના નામ પાછા લેવાનો નિર્ણય લીધો છે. આઈપીએલમાં વિરાટ કોહલીની અધ્યક્ષતામાં એડમ ઝમ્પા અને કેન રિચાર્ડ્સ બંને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (ઇઝ્મ)નો ભાગ હતા.*

*સનરાઇઝર્સ હૈદરાબાદ સાથેની મેચ બાદ દિલ્હી કેપિટલ્સના સ્ટાર સ્પિનર ??રવિચંદ્રન અશ્વિને ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. હવે આરસીબીના બે ખેલાડીઓ રિચાર્ડસન અને ઝામ્પા પણ પરત ફરવા માટે તૈયાર છે.*

*ટાઇએ સોમવારે દોહાથી 'સેન રેડિયો' ને કહ્યું, આના ઘણા કારણો છે પરંતુ મુખ્ય કારણ એ છે કે પર્થમાં ભારતથી પરત ફરી રહેલા લોકોની હોટલોમાં આઈસોલેશનના કિસ્સા વધ્યા છે. પર્થ સરકાર પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં પ્રવેશતા લોકોની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. ટાયે કહ્યું કે બાયો બબલમાં રહેવાનો થાક પણ એક કારણ છે. તેમણે કહ્યું, મેં વિચાર્યું હતું કે મને દેશમાં પ્રવેશ ન મળે તે પહેલાં જ રવાના થવું જોઈએ. બાયો બબલમાં લાંબો સમય પસાર કરવો એ ખૂબ કંટાળાજનક છે. ઓગસ્ટથી, હું ફક્ત ૧૧ દિવસથી બાયો બબલની બહાર રહ્યો છું અને હવે હું ઘરે જવા માંગુ છું.*

*બીસીસીઆઈએ કહ્યું કે લીગ ચાલુ રહેશે. એક અધિકારીએ કહ્યું, 'આઈપીએલ ચાલુ રહેશે. જો કોઈ લીગ છોડવા માગતુ હોય તો વાંધો નથી. આરસીબીએ એક નિવેદનમાં કહ્યું, એડમ ઝમ્પા અને કેન રિચાર્ડસન વ્યક્તિગત કારણોસર ઘરે પરત ફરી રહ્યા છે અને બાકીની મેચ નહીં રમે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સંપૂર્ણ રીતે તેની સાથે છે અને તેમની દરેક રીતે મદદ કરી રહ્યું છે.*

# મે મહિનામાં કોરોના પીક પર હશે, ૪૮ લાખ એક્ટિવ કેસ થવાનો નિષ્ણાંતોનો દાવો

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે અને બીજી લહેર વધારે ખતરનાક સાબિત થઈ રહી છે. રોજ રેકોર્ડ સંખ્યામાં કરોના નવા કેસ સામે આવી રહ્યા છે અને બે ત્રણ સપ્તાહમાં કેસમાં ઘટાડો આવાવના કોઈ સંકેત જોવા નથી મળી રહ્યા. આઈઆઈટીના વૈજ્ઞાનિકોએએ રવિવારે ગણિતીય મોડલના આધારે કોરોનાનો પીક ટાઈમ રિવાઈઝ કર્યો છે.

વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આગામી ૧૦ દિવસમાં રોજ ૪.૪ લાખ કેસ આવવાની સાથે કોરોના પીક પર હશે. જ્યારે ૧૪થી ૧૮ મેની વચ્ચે ૩૮-૪૮ લાખ એક્ટિવ કેસ હોઈ શકે છે. આ એક્ટિવ કેસનો પીક ટાઈમ કહેવામાં આવ્યો છે.

આઈઆઈટી કાનપુરના મણીન્દ્ર અગ્રવાલે ટ્વીટ કરીને કહ્યું કે, "મેં હવે પીક ટાઈમ માટે અનેક વેલ્યૂઝની ગણતરી કરી છે અને છેલ્લો તબ્કોક આ સમયમર્યાદાની વચ્ચે હોવો જોઈ. આ અનિશ્ચિતતાનું કારણ છેલ્લા તબક્કા સુધી સતત બદલાતું રહેશે." અગ્રવારે રવિવારે પોતાના ટ્વીટમાં કહ્યુ કે, એક્ટિવ કેસનો પીક ટાઇમિંગ ૧૪-૧૮ મે અને નવા કેસ માટે ૪-૮ મે હશે. પીક ટાઈમિંગમાં એક્ટિવ કેસ ૩૮-૪૮ લાખ હશે જ્યારે નવા કેસ ૩.૪-૪.૪ લાખ હશે.

પીક ટાઈમિંગ અને વેલ્યૂ પ્રીડિક્શન અપડેટનો મતલબ છે કે ભારતમાં 'એક્ટિવ' કેસની સંખ્યામાં ઘટાડો થતા પહાલ મેના મધ્ય સુધીમાં લગભગ વધારો થશે. હાલના મોડલના ટ્રેન્ડ અનુસાર મેના મધ્યનો પીક વિતેલા વર્ષે ૧૭ ડિસેમ્બરના ૧૦ લાખથી વધારે એક્ટિવ કેનસા મામલે પ્રથમ પીકની તુલનામાં લગભગ ચાર ગણા વધારે હશે. રવિવારે ભારતના કુલ એક્ટિવ કેસની સંખ્યા ૨૬,૮૨,૭૫૧ થઈ ગઈ છે. ૧ એપ્રિલના આ મોડલમાં ૧૫-૨૦ એપ્રિલની વચ્ચે એક્ટિવ કેસના પીકનો અંદાજ લગાવવામાં આવ્યો હતે જેમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખ થવાની સંભાવના હતા. આ આંકડો વિતેલા વર્ષે સપ્ટેમ્બરના પીક બરાબર હતો. જોકે આ આંકડાને બાદમાં વિતેલા સપ્તાહે સંશોધિત કરવામાં આવ્યો હતો જેમાં ૩૩-૩૫ લાખ એક્ટિવ કેસની સાથે ૧૧-૧૫ મેની વચ્ચે પીક પર પહોંચવાની સંભાવનાનો અંદાજ લગાવાવમાં આવ્યો હતો. પીક ટાઈમિંગ અને સંખઅયામાં ફેરફારના પેરામીટર્સના બદલાવને કહેવામાં આવ્યા છે.

## રાજપીપલા સ્મશાનગૃહમાં અગ્નિસંસ્કાર માટે લાકડાની તંગી.!

# રાજપીપલા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજના ૬ જેટલા સેવાભાવી યુવાનોની નિશ્વાર્થ ભાવની અગ્નિસંસ્કાર કરવાની અનોખી સેવા

**કોરોના મૃતક દર્દીને જેના સગાઓ પણ અડકવા તૈયાર નથી,એવા મૃતકોને અગ્નીસંસ્કાર આપી રહ્યા છે,પહેલા વેવ માં ૩૧અને બીજા વેવમાં ૮૨મળી ૧૧૩ના મૃતકોના અગ્નિસંસ્કાર કર્યા.**



ગુંજનભાઈ માલવિયા | તેજસ ગાંધી | ઉરેશભાઈ પરીખ | અજિત પરીખ | કૌશલ કાપડિયા | કેયુર ગાંધી

રાજપીપલા, તા. ૨૫

આજે કોરોના એ વિશ્વમાં ભરડો લીધો છે. જ્યારે બીજી બાજુ મોતનો માતમ છવાયો છે.લોકો ઓક્સિજન વિના તરફડી રહ્યા છે.કોરોના દર્દીના મોત ની સંખ્યા પણ વધી રહી છે.

કોરોનાનો દર્દી કોરોનાનો જન્ગ હારી ગયા પછી દર્દી દમ તો તોડી દે છે.પણ મૃત્યુ પછી એની અંતિમ વિધિ કરવાની પ્રક્રિયા ખુબ દર્દનાક અને ભયાનક હોય છે. દર્દીના મૃત્યુ પછીદર્દીના સગાઓ પણ કોરોના મૃતક દર્દીને અડકવા પણ તૈયાર નથી હોતા.અંતિમ વિધિમા હાજરી આપવાની વાત તો દૂરની રહી, ત્યારે રાજપીપલાના હરિજનો જે ખરેખર હરિનાજન બની આવ્યા છે.એ લોકોની ચાર કર્મચારીની ટીમ કોવિદ હોસ્પિટલથી મૃતકને રાજપીપલા સ્માશનગૃહ સુધી લાવે છે. અને જાનના જોખમે પીપીઈ કીટ પહેરીને મૃતની અંતિમ વિધિ કરી રહ્યા છે. આ સેવામાં રાજપીપલા સમસ્ત વૈષ્ણવ વણિક સમાજના ૬ જેટલા સેવાભાવી યુવાનો નિશ્વાર્થ ભાવે અગ્નિસંસ્કાર કરવાની સેવા આપી રહ્યા છે.જેમાં તેજશભાઈ ગાંધી,ગુંજન મલાવીયા,ઉરેશભાઈ પરીખ, કૌશલભાઈ કાપડિયા,અને અજિતભાઈ પરીખ અને કેયુરગાંધીની ટીમ અગ્નિસંસ્કાર કરવાની સેવા આપીરહી છે.આ ટીમના યુવાનો કોઈ પણ જાતના સ્વાર્થ વિના નીઃસ્વાર્થ ભાવે આ કામગીરી ઉપાડી લીધી છે.આ યુવાનો હરિજનોને કામગીરી માટે તેમને૫૦૦રૂ લેખે ચાર જણાને ૨૦૦૦રૂ આપવા પડે છે.

હોસ્પિટલ માંથી ફોન આવે આવે એટલે ચાર હરીજન કર્મચારીઓની પીપીઈ કીટ પહેરીને મૃતકને રાજપીપળા સ્મશાન ગૃહ સુધી લઈ આવે છે.ત્યાર પછી આ સેવાભાવી યુવા ટીમ આવે છે જે માટે લાકડાની વ્યવસ્થા કરવી પડે છે. ઉરેશ પરીખ અને ગુંજન માલવિયાના જણાવ્યા અનુસાર અંતિમ વિધિ કરવા માટે હાલ લાકડા ખૂટી ગયા છે.

એક બોડી માટે ૧૫ મણ લાકડાની જરૂર પડે છે.અત્યાર સુધીમાં ૭૦૦મણ લાકડા મળેલ તે પૂરા થઈ ગયા. હવે બીજા લાકડાની ૨૦૦ મણ લાકડાની કરવામાં આવી રહી છે. તે માટે થતો ખર્ચ ઉઠાવીએ છીએ. કેટલાક સેવા ભાવી લોકો મદદ પણ કરે છે.ત્યારે આ કામ થઈ શકે છે. ગમે ત્યારે ફોન આવે એટલે અમે સ્મશાને પહોંચી જઈએ છીએ અને મૃતકના અગ્નિ સંસ્કાર કરીએ છે. અહીંયા સગાવહાલા પણ ફરકતા નથી. બોડી સોંપીને જતા રહે છે પછી અગ્નિ સંસ્કારની કામગીરી અમે કરીએ છીએ. પહેલા વેવ માં અમે ૩૧ડેડબોડી ના અગ્નિસંસ્કાર કર્યા હતા.પણ બીજી વેવ માં મૃતકોની સંખ્યા વધી છે. આ વખતે માત્ર એપ્રિલ માસ માં ૨૪તારીખ સુધીમાં ૮૧મૃતકોના અગ્નિસંસ્કાર રાજપીપલા સ્મશાનગૃહ માં કરવા માં આવ્યા હોવાના સત્તવાર આંકડા જણાવ્યા છે જેમાં ૨૨મી એપ્રિલે ૭ના, તથા ૨૩મીએ ૧૨અને ૨૪મીએ ૦૨અને આજે ૨૫મી એ ૦૧ના મળી આ મહિનામાં કૂલ ૮૧ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. ત્યારે કોણ કહે છે કે માનવતા મરી પરવારી છે. આવા સેવાભાવિ યુવાનોને મદદ કરવા,સહયોગ આપવા આપણે સૌ નગરજનોએ આગળ આવવાની જરૂર છે. આવો આપણે સૌ સાથે મળીને સેવાનું ઝરણું વહેતુ કરીએ.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા



**હરિઓમ ચૈત્ર સુદ ૧૪ આપણે ગઈકાલે અહિંસા ની વાત કરતા હતા .સનાતન સંસ્કૃતિ માં હિંસા ને કોઈ સ્થાન નથી આપણે જ્યારે કોઈ યજ્ઞ ..અનુષ્ઠાન ..પિતૃ શ્રાદ્ધ કરીએ ત્યારે પ્રાયશ્ચિત કરીએ છીએ ....આ પ્રાયશ્ચિત વિધિમાં હિંસા ને મહાપાપ ગણ્યું છે. સ્ત્રી હિંસા ....પ્રાણી હિંસા ..વૃક્ષ છેદન ...ગોવધ ...આ બધી પ્રત્યક્ષ હિંસા છે .... જુઠું બોલવું ...માબાપ ની સેવા ન કરવી ..તેમની આજ્ઞા નું ઉલ્લંઘન કરવું...ગુરુનું અપમાન ...આજ્ઞા ભંગ ..આ બધી પરોક્ષ હિંસા છે .પરંતુ ધર્મ ના રક્ષણ માટે જો હિંસા નું આચરણ જરુરી હોય તો તે પાપ નથી ....રાષ્ટ્ર સરંક્ષણ માટે કરાતી હિંસા એ ધર્મ છે ....પાપ નથી ....**

**અહિંસા શબ્દ નો સામાન્ય અર્થ છે ...હિંસા ના કરવી ..એનો વ્યાપક અર્થ છે ...કોઈ પણ પ્રાણીને તન ..મન ..કર્મ ..વચન અને વાણી દ્વારા કોઈ ને કૌર નુકસાન ના પહોંચાડવું ...મનમાં કોઈનું અહિત ના વિચારવું ...કોઇને કટુ વાણી વગેરે દ્વારા પણ નુક્શાન ના પહોંચાડવું તે અહિંસા છે .કેટલીક હિંસા આપણે બુદ્ધિ દ્વારા કરતાં હોઈએ છીએ ...**

**ખોરાક માં ભેલસેલ ...આરોગ્ય ની સાથે ખિલવાડ ...ખોટી રીતે જમીન પડાવી લેવી ...તબીબી સેવા ...નાણાંકીય સેવા ...આરોગ્ય સેવા માં ભ્રષ્ટાચાર કરીએ તે પણ હિંસા છે ...**

**આવી હિંસા થી દૂર રહીએ. ધ્યાન.. જપ.. પ્રાણાયામ ચાલુ રાખીએ.**

**હરિ:ૐ**

**રાજેશ શાસ્ત્રી**

# દ્વારકા ખાતે ૧૦૦ બેડના કોરોના આઈશોલેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા શ્રી સી.આર.પાટીલ



ગજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૨૬ એપ્રિલના રોજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી દ્વારા દ્વારકા ખાતે શ્રી પબુભા માણેક દ્વારા શરૂ કરવામાં આવેલ કોરોના આઈશોલેશન સેન્ટરની મુલાકાત લીધી તેમજ ખંભાળિયા ખાતે ટાઉનહૉલમાં કોવિડ કેર આઈશોલેશન સેન્ટરની મુલાકાત લીધી તે બાદ ભાજપ પરિવાર આયોજીત રક્તદાન કેમ્પની પણ મુલાકાત લીધી. ત્યારબાદ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે વેક્સિનેશન માટે શરૂ કરવામાં આવેલ કૉલ સેન્ટરની મુલાકાત લીધી.

અધ્યક્ષાશ્રી સી.આર.પાટીલ દ્વારા જણાવવામાં આવ્યું કે,દેશ અને દુનિયામાં કોરોનાનો હાહાકાર મચેલો છે પરંતુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશીથી આજે અન્ય દેશોની સરખામણીમાં ભારત દેશની વસ્તી વધુ હોવા છતાં આપણે હજુ સલામત રહી શક્યા છીએ. કોરોનાએ ઘણા લોકોને નુકશાન પહોંચાડયું છે પરંતુ નરેન્દ્ર મોદીજીના દૂરંદેશી નિર્ણયથી મૃત્યુદર એકથી દોઢ ટકાની આસપાસ રહ્યો છે. દર્દીઓને તાત્કાલિક સારવાર મળી જાય છે અને રિકવરી પણ ઝડપથી મળી જાય છે.

શ્રી પાટીલે વધુમાં જણાવ્યુ કે, ગુજરાત રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર રાજયભરમાં રેમેડિસિવીર, ઑક્સીજન સહિતની તમામ સવલતો પૂરી પાડવામાં આવી રહી છે સાથે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો, સાંસદ સભ્યો, આગેવાનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સંગઠનને સાથે રાખીને લોકોની મદદ લઈને દરેક વિધાનસભા વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૦૦ બેડના આઈશોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જે રીતે સૂચન કરવામાં આવ્યું હતું તેના પરિણામ સ્વરૂપ પબુભા માણેકના સ્વ.પિતાશ્રીના નામે ૧૦૦ બેડનું આઈશોલેશન સેન્ટર દ્વારકા ખાતે આજરોજથી શરૂ કરવામાં આવે છે.

# દેશમાં અત્યાર સુધી ૧૪.૧૯ કરોડ વેક્સિન ડોઝ લગાવવામાં આવ્યા

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં કોરોનાની અનિયંત્રિત બીજી લહેર વચ્ચે આરોગ્ય મંત્રાલયએ જણાવ્યું છે, કે અત્યાર સુધી વેક્સિનનાં ૧૪.૧૯ કરોડ ડોઝ આપવામાં આવી ચુક્યા છે, મંત્રાલયએ જણાવ્યું કે દેશમાં આ સમયે એક લાખ અધિક એક્ટિવ કેસવાળા રાજયો છે. મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, ગુજરાત, અને તમિલનાડુ.

ત્યાં જ એમ્સનાં ડાયરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે, અમે કોરોનાનાં નવા કેસની સંખ્યામાં ઘટાડો લાવવાની થશે, અને હોસ્પિટલનાં સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરવાની થશે, ઓક્સિજનનો યોગ્ય તર્કપુર્ણ અને ન્યાયસંગતનો ઉપયોગ ખુબ જ જરૂરી છે, વર્તમાનમાં બિનજરૂરી ઉહાપોહની સ્થિતી પેદા થઇ ગઇ છે.

# કપલ ડાન્સ સ્પર્ધા કોવિડની બીજી લહેરમાં મનોદિવ્યાંગ બાળકો ઘરમાં પૂરાઈ ગયા



કપલ ડાન્સ સ્પર્ધા કોવિડની બીજી લહેરમાં મનોદિવ્યાંગ બાળકો ઘરમાં પૂરાઈ ગયા છે.નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડોક્ટર હરિકૃષ્ણ સ્વામી સ્કૂલ ફૉર મેન્ટલી ડિસેબલ દ્વારા ઓનલાઇન આવા બાળકો માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.જેથી ભય-માનસિક દબાણની સ્થિતિ બાળકો માં ન આવે. આજરોજ કપલ ડાન્સ સ્પર્ધા ઑનલાઇન મનો દિવ્યાંગ બાળકો માટે રાખી હતી. જેમાં બાળક અને તેનીમધર ડાન્સ કરવાનો હતો. જુદા જુદા હિન્દી ગુજરાતી ગીતો પર માતા-બાળકે કપલ ડાન્સ કર્યો હતો.શ્રેષ્ઠ ડાન્સ કરનાર જોડીને ૨૦૦ ઇનામ ઓનલાઈન ચૂકવવામાં આવ્યું હતું. ભય સ્ટ્રેસને દૂર કરવાના ભાગરૂપે સંસ્થા દ્વારા આ કાર્યક્રમ ખાસ મનોદિવ્યાંગ બાળકો અને તેમની માતાઓ માટે આજ રોજ આયોજિત કરાયો હતો જેમાં પંદર કપલ ડાન્સ હતાં. (નિલેશ પંચાલ)

# રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪૨ દરદીઓને આજે રજા અપાઇ




રાજપીપલા,તા૨૫

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે કુલ-૩૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ, જિલ્લામાં આજદિન સુધી RTPCR ટેસ્ટમાં ૧૬૦૨,એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૩૦૨ અને ટ્રૂ નેટ (True nat) ટેસ્ટમાં ૬૭ દરદીઓ સહિત જિલ્લામા પોઝિટિવ દરદીઓની કુલ સંખ્યા ૨૯૭૧ નોંધાવા પામી છે. રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪૨ દરદીઓને આજે રજા અપાતા, જિલ્લામાં આજદિન સુધી કોવીડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૧૭૬૮ દરદીઓ, કોવીડ કેર સેન્ટરમાંથી સાજા થયેલા ૯૧૬ દરદીઓ સહિત કુલ-૨૬૮૪ દરદીઓને રજા આપવામાં આવી છે. આમ, હોમ આઈસોલેશનમા ૧૪૩ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે૫૮ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૩૧ અને વડોદરા ખાતે ૫૨ દરદીઓ સહિત કુલ-૨૯૪ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૪૯૫ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦૧૫ સહિત કુલ-૧૫૧૦ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૪૬૬૪ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના-૨૯ દરદીઓ, તાવના-૩૩ દરદીઓ, ઝાડાના ૩૪ દરદીઓ સહિત કુલ-૧૦૬ જેટલા દરદીઓ ઉક્ત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૧૯૫૦ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૬૫૫૯ લોકોને વિતરણ કરાઈ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



**75 cr. - પંચોતેર કરોડનો પગાર છોડી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ના વાઇસ પ્રેસિડેન્ટ , બોરીવલી , મુંબઇ ના પ્રકાશભાઇ શાહ આજ તા.૨૫/૦૪/૨૧ દીક્ષા લઇ બન્યા નૂતન મુનિરાજ.**

**મુકેશ અંબાણીના રાઇટ હેન્ડ મનાતા પ્રકાશભાઇએ આજે મુંબઇમાં દીક્ષા લીધી. પૈસા પાછળ પાગલ ની થવું..**

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૧


www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews


---

NOG SS No:0077
વિભાગ : પદ્ય,મૌલિક
વિષય:રામાયણના કોઈપણ એક પાત્ર પર લેખન
મારું પાત્ર આલેખન છે રાવણ પર
શીર્ષક:રાવણ બનવું સહેલું નથી

તે રૂપવાન,ગુણવાન,મહા તેજસ્વી, મહા ઓજસ્વી , બુધ્ધિમાન બ્રાહ્મણ, શિવભક્ત,વેદોનો જ્ઞાતા અને મહા વિદ્વાન હતો,
છતાં એક જ ભૂલથી એ ખરાબ ચીતરાયો...!
ઓ ભાઈ, રાવણ બનવું એટલું સહેલું નથી...!
એ ના હોત તો રામાયણ જ ના થઈ હોત..!
રામનાં ઉજ્જ્વળ ચરિત્ર લેખનમાં રાવણનો બહુ મોટો ફાળો..!
રામાયણમાં રાક્ષસ તરીકે પંકાઈને સીતાજીને હાથ પણ ના લગાડ્યો...!
ઓ ભાઈ , રાવણ બનવું એટલું સહેલું નો'તું ...!
એ ના હોત તો વિભિષણની સારપ ઉજાગર જ ના થઈ હોત...!
શ્રીરામને હનુમાનજીનો ભેટો જ ના થયો હોત...!
સારપને ઉજાગર કરાવવા માટે ખરાબ દેખાયો..!
ઓ ભાઈ, રાવણ બનવું એટલું સહેલું નો'તું ...!
મંદોદરીની ભક્તિમાં ભંગ ના પડે એટલે પોતાના જ હાથની નસને વીણાનો તાર બનાવનાર એ રાવણ હતો..!
પત્ની માટે પોતાની નસ કાપી તો ય મોક્ષ કામના અર્થે પારકી પત્નીને અપહરણ કરી લાવ્યો..!
ઓ ભાઈ,રાવણ બનવું એટલું સહેલું નો'તું ...!
રાક્ષસી માતા અને ઋષિ પિતાનું સંતાન હોવાથી સદૈવ બે પરસ્પર વિરોધી તત્વોથી એનું અંતઃકરણ વલોવાતું રહેતું, એ વેદના કેરું દ્વંદ્વ જે લડે અને સહન કરે એ જ જાણે...!
ઓ ભાઈ,રાવણ બનવું એટલું સહેલું નો'તું...!
રામાયણનું સૌથી શક્તિશાળી પાત્ર,
શિવભક્ત રાવણ,
શિવ તાંડવનો રચયિતા
છતાં ય દાનવ થઈ પંકાયો...!
ઓ ભાઈ, રાવણ થવું
એટલું સહેલું નો'તું...!
રામાયણ તો કૈકેયીને લીધે શરૂ થઈ,
છતાંય આખી રામાયણનો અપયશનો ટોપલો રાવણનાં
ભાગે આવ્યો....!
ઓ ભાઈ, રાવણ બનવું એટલું સહેલું નો'તું ...!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS No : 0051
વિષય: રામાયણનું કોઈ પાત્ર
શીર્ષક: કેવટ

મારી નાવડી, પેલે પાર રે...
હું નાવિક સદાય,
પ્રભુ રામનો સેવક રે....
ધોવા ચરણો,
પ્રભુ રામનાં મારે રે...
વાટ જોઉં મારાં,
પ્રભુ રામની રે...
મારાં પ્રભુ ભવોભવના,
પાપ ધોવા આવશે રે...
એમ છે!ભાઈ કેવટ,
વાહ ! નાવિક તારી ભક્તિ રે...
વાહ! કેવટ ચરણોનો સેવક રે...

ઉર્વશી મહેતા,અમદાવાદ.

---

વિષય : રામાયણ નું કોઈ પાત્ર
શીર્ષક - સીતા
NOG SS NO- 006

મૂર્ખ બનેલા ધોબી એ અવળાં વાવડ ફેલાવ્યાં,
પણ રામ તમે સીતાને શાને વનમાં મે 'લી આવ્યાં?
રાજમહેલમાં રહેતી સીતા વન - વગડામાં ભટકે...
ફૂલ સમી એ રાજકુમારી કંટકને જો અડકે....
સુખના હર ધબકારા માંહે દુઃખના શ્વાસો વાવ્યાં,
રામ તમે સીતાને શાને વનમાં મે 'લી આવ્યાં?
સીતા માથે આભ તૂટ્યું ને અંતર હડ-હડ બળતું,
હાથ કળે તો ઔષધ હો ' પણ આ તો હૈયું કળતું.
સંસ્કારો ને માન -મલાજો કેવાં રે ઢોળાવ્યાં,
રામ તમે સીતાને શાને વનમાં મે 'લી આવ્યાં?
લેખ લખ્યાં છે ઘોર વિધાતા ક્યાં એને વંચાવે?
માણસ જેવાં માણસ શું એ ઈશને નાચ નચાવે.
આળ નકામું નાંખી સૌએ રાજપાટ મેલાવ્યાં
રામ તમે સીતાને શાને વનમાં મે ' લી આવ્યાં?

દિવ્યા એમ.પુરોહિત,"બંસરી"

---

NOG SS NO - 0037
વિષય - રામાયણનું કોઈ પણ પાત્ર.
વિભાગ - ગદ્ય.
શીર્ષક - રાવણ.

વિશ્રવા અને કૈકસીને ચાર સંતાનો હતાં.રાવણ,કુંભકર્ણ, વિભીષણ,અને ચંદ્રનખા નામની અતિ સુંદર પુત્રી.
રાવણ સ્વયં અત્યંત સુંદર,વીર, વિદ્વાન,શિવનો ઉપાસક હતો. તપસ્યાથી અદ્ભુત શક્તિઓ પ્રાપ્ત કર
બાળપણમાં જ્યારે તે દર્પણમાં, માળા પહેરતો હતો,ત્યારે વિશ્રવાએ જોયું કે બાળક રાવણની અનેક આકૃતિઓ ઉપસી આવી, તેનાથી બાળક રાવણ વધારે સુંદર લાગે છે. દર્પણમાં બાળકની ૧૦ આકૃતિઓ જોઈને પોતાનાં બાળકને 'દસશીશ' સંબોધનથી પોકાર્યો.ત્યારથી રાવણનું નામ દસશીશ (દસ મસ્તક વાળું ) પ્રચલિત થયું.
રાવણની સુંદરતા ઉપર મયપુત્રી મંદોદરી મોહિત થઈ ગઈ હતી.તે સમયે મંદોદરી અને રાવણ સાથે 'ગોકર્ણ ' આશ્રમમાં લશ્કરી તાલીમ મેળવી રહ્યાં હતાં. રાવણ તમામ વિદ્યાનો જાણકાર હતો. તેમનાં લગ્ન પણ એક વિદૂષી કન્યા સાથે થયાં. રાવણે ક્યારેય કોઈ સ્ત્રી સાથે બળજબરીથી લગ્ન કર્યાં ન હતાં. વાલ્મિકી ઋષિએ સ્પષ્ટ લખ્યું છે,જ્યારે હનુમાનજી, લંકામાં ગયાં ત્યારે તેમણે રાવણનાં મહેલમાં પત્ની સિવાય અન્ય કોઈ સ્ત્રીઓને જોઈ ન હતી.લોકો જે દ્રષ્ટિથી રાવણને જુએ છે,એવો કદાપિ ન હતો.રાવણ અજોડ વ્યક્તિત્વ ધરાવતો હતો. એમનાં સમયની મહાન જાતિઓને રાવણ સમક્ષ નતમસ્તક થવુ પડતું હતું.તેથી જ રામાયણમાં વાલ્મિકીએ તેમને 'મહાત્મા' કહ્યાં છે.
રાવણ ફક્ત યોદ્ધા જ ન હતો.એ ભકત,કવિ, સંગીતનો જાણનાર પણ હતો.તે વ્યવહાર કુશળ,સાચો પ્રજાવત્સલ રાજા પણ હતો.લક્ષ્મણે રાવણની બહેનનું નાક કાપી અપમાન કર્યું હતું માટે રાવણે રામને પડકારવા માટે માતા સીતાનું હરણ કર્યું.એ ત્રિકાળ જ્ઞાની હતો, બધું જાણતો હતો.તેથી જ રામનું 'વનવાસ વ્રત ' તૂટે નહીં માટે, માતા સીતાને મહેલમાં નહીં પોતાની અશોકવાટિકામાં રાખવાનો નિર્ણય કર્યો.
સેતુબંધ માટે રામ શિવલિંગની સ્થાપના કરી, પૂજા કરવા ઈચ્છતાં હતાં.રાવણને જાણ થતાં,પોતે પુરોહિતનું કાર્ય કર્યું અને રામને સફળતાનાં શુભ-આશિષ પણ આપ્યાં.આવા મહાન શત્રુ નું ઉદાહરણ વિશ્વમાં ક્યાંય જોવા નહીં મળે.
રાવણ પોતાની પ્રજાને અત્યંત પ્રેમ કરતો હતો. પોતાનાં પ્રિય રાજાને યુદ્ધમાં ઘવાયાની સ્થિતિમાં જોઈ બધાં જ શોકમગ્ન થઈ ગયાં. રાવણ જ્યારે મૃત્યુશય્યા પર હતો, ત્યારે રામે લક્ષ્મણને તેમની પાસેથી રાજનીતિના સૂત્રો જાણવા માટે મોકલ્યાં હતાં.રાવણે પણ તમામ નીતિ સૂત્રો પ્રેમપૂર્વક શીખવ્યાં માટે જ વાલ્મિકીએ રાવણની પ્રશંસા કરી છે.એક સ્થળે રાવણને સંયમી અને સદાચારી પણ કહ્યો છે.
વાલ્મિકી રામાયણ અનુસાર રાવણ કેવો હતો એનું આલેખન.

હેમલતા દિવેચા. જૂનાગઢ

---

NOG SS .NO. 0095
વિષય :-- રામાયણનાં પાત્રો
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :--' રાવણનું મિથ્યાભિમાન '

આપણે સૌ જાણીએ છીએ કે રામાયણનાં મુખ્ય પાત્રો એટલે રામ , સીતા , લક્ષ્મણ, અને રાવણ.
રાવણને તો અનેક વખત અનેક પાત્રોએ સલાહ આપી છે. રાવણ મારીચ પાસે જાય છે અને તેને છળ કરનાર મૃગ બનવાનું કહે છે. જેથી રાવણ સીતાજીનું હરણ કરી શકે. મારીચે રાવણને સમજાવ્યો અને કહ્યું , " હે રાવણ ! શ્રી રામ મનુષ્યરૂપમાં ચરાચરનાં ઈશ્વર છે. તેમની સાથે વેર ના કરો . આપણે તો એમની કૃપાથી જ જીવીએ અને મરીએ છીએ." છતાંય રાવણ માનતો નથી. ત્યારે મારીચ વિચારે છે કે રાવણનાં હાથે મરવું એનાં કરતાં તો શ્રી રામનાં હાથે મરવું સારું અને પોતે મૃગ બની જાય છે અને રામનાં બાણથી મરણ પામે છે.
એવી જ રીતે હનુમાનજી પણ રાવણને સમજાવીને કહે છે કે, " જે દેવો, રાક્ષસો , સમસ્ત ચરાચર અને ખુદ કાળ પણ જેમનાંથી અત્યંત ડરે છે તેની સાથે વેર ના કર અને જાનકીજીને આપી દે. "
છતાંય રાવણ માન્યો નહીં.
મંદોદરી પણ રાવણને સમજાવે છે , " સીતા તમારા કુળનાં વનને દુઃખ દેનારી કાળરાત્રિ બનીને આવી છે .એને પાછી આપી દો નહીં તો શંકર અને બ્રહ્મા પણ તમારા હિત માટે ગમે તેટલું કરશે તો પણ તમારું હિત નહીં થાય. " પણ તોય રાવણ માનતો નથી.
વિભીષણ પણ વિનમ્રભાવે રાવણને સમજાવે છે કે , " હે સ્વામી ! કામ, ક્રોધ, મદ, અને લોભ એ બધાં જ નરકનાં માર્ગો છે. એ છોડો અને રઘુવીરને ભજો. " જેણે ગમે તેટલો જગતનો દ્રોહ કર્યો હોય પણ એ પ્રભુને શરણે જાય એટલે પ્રભુ એનાં પાપનો નાશ કરે છે. સુબુદ્ધિ અને કુબુદ્ધિ બધાંનાં હૃદયમાં રહે છે. પણ જ્યાં કુબુદ્ધિ છે ત્યાં અનેક વિપત્તિઓ પણ હોય છે માટે અજ્ઞાનરૂપી અભિમાન છોડીને રઘુનંદનનાં શરણે જાઓ અને એને ભજો ."
પણ રાવણ માનતો નથી અને વિભીષણને લાત મારીને કાઢે છે. પછી રાવણ શુક નામનાં દૂતને મોકલે છે,વિભીષણની પાછળ. વિભીષણ શ્રી રામને શરણે ગયાં છે. શુક ત્યાં જાય છે. વાનરો શુકને મારે છે. લક્ષ્મણ તેને છોડાવે છે.
અંતે રાવણનો મોક્ષ શ્રી રામનાં ચરણોમાં અને શ્રી રામને હસ્તે જ થયો એ જગજાહેર છે.

દીપિકા ચાવડા ' તાપસી '

---

# ઓર જીનેકો ક્યાં ચાહિયે !!!!

એક ભાઈ બગીચાના બાંકડે બેઠા હતા. પાસે એક બેગ હતી. મુલ્લા નસીરુદ્દીન બગીચામાં ટહેલતાં ટહેલતાં એમની પાસે આવ્યા અને બોલ્યા, 'બહારના માણસ લાગો છો. તમને ક્યારેય જોયા નથી.

ભાઈ બોલ્યા, 'હા, હું દૂરના શહેરમાં રહું છું. મારી પાસે બધું છે. પૈસો છે, બંગલો છે, પ્રેમાળ પરિવાર છે, છતાં જીવનમાં મને રસ નથી પડી રહ્યો. એટલે થોડા દિવસની રજા પાડીને 'મજા પડે એવું કંઈકલ્ શોધવા નીકળ્યો છું. હું સુખ શોધી રહ્યો છું.

મુલ્લા કંઈ બોલવાને બદલે, એ ભાઈની બેગ આંચકીને ભાગ્યા. પેલો માણસ પણ પાછળ દોડ્યો. મુલ્લા દોડમાં પાક્કા, એટલે ખાસ્સા આગળ નીકળી ગયા. પેલો માણસ હાંફતો હાંફતો એમની પાછળ દોડતો રહ્યો. બે કિલોમીટર દોડ્યા બાદ મુલ્લા રસ્તાને કિનારે એક બાંકડા પર બેસી ગયા.

થોડી વાર પછી પેલો માણસ હાંફતો-હાંફતો પહોંચ્યો. એણે તરાપ મારીને પોતાની બેગ લઈ લીધી. બેગ મળી ગયાનો આનંદ એના ચહેરા પર પ્રગટ્યો, એની બીજી જ પળે એણે ગુસ્સાથી મુલ્લાને કહ્યું, 'મારી બેગ લઈને કેમ ભાગ્યા?લ્

મુલ્લાઃ 'કેમ વળી? તમે સુખ શોધવા નીકળ્યા છો, તો બોલો, બેગ પાછી મળી જતાં તમને સુખની લાગણી થઈ કે નહીં ? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી.લ્

આપણામાંના મોટા ભાગના લોકો પણ થોડા અંશે પેલા માણસ જેવા હોઈએ છીએ. જે કંઈ આપણી પાસે છે, એમાંથી ઝાઝું સુખ નથી મળતું. પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે.

આવું શા માટે?

એટલે, હવે પછી જ્યારે મૂડ સારો ન હોય, ત્યારે ઘરમાંની બધી વસ્તુઓને શાંતિથી નીરખવી અને પછી વિચારવું કે આ વસ્તુ જો મારી પાસે ન હોય તો કેટલી તકલીફ પડે?

કડકડતી ઠંડીમાં એક અત્યંત ગરીબ માતા પોતાનાં બાળકોના શરીર પર છાપાં પાથરી એના પર ઘાસ 'ઓઢાડીલ્ને સૂવડાવી રહી હતી, ત્યારે એના ટેણિયા દીકરાએ ભાઈને પૂછ્યું, 'હેં ભાઈ? જે લોકો પાસે છાપાં અને ઘાસ નહીં હોય એમની કેવી ખરાબ હાલત થતી હશે?લ્

આપણી પાસે ઘાસ અને છાપાંથી તો ઘણી સારી વસ્તુઓ ઘરમાં હોય છે, એટલે હવે ક્યારેક 'હું સુખી નથી... મારી પાસે આ નથી... મારી પાસે તે નથી... એવું લાગે ત્યારે એક નજર જે કંઈ આપણી પાસે છે તેના પર નાખી જોવી.

જેમ કે, આવો સરસ મજાનો લેખ તમે ઓનલાઇન વાંચી શકો છો, તેના પરથી આટલી બાબત સાબિત થાય છે-

૦૧. તમે ગરીબ નથી. (સમગ્ર વિશ્વમાં આશરે ૧૧૨ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે.)

૦૨. તમારી જાતને ઠંડી, ગરમી અને વરસાદ સામે રક્ષણ આપવા આશરો છે જે વિશ્વમાં લગભગ ૧૩૦ કરોડ લોકો પાસે નથી.

૦૩. તમે શાંતિથી બેસીને વાંચી શકો છો, મતલબ કે તમે અત્યંત માંદા નથી. (દુનિયામાં કોઈ પણ સમયે આશરે ૧૨૦ કરોડ લોકો બીમાર હોય છે)

૦૪. તમારી પાસે આટલો સારો મોબાઇલ છે જે દુનિયાના ૧૯૮ કરોડ લોકો પાસે નથી.

૦૫. તમને પીવાનું પાણી ઘેર બેઠા મળી રહેતું હશે, જે વિશ્વમાં આશરે ૧૮૦ કરોડ લોકોને નથી મળતું.

૦૬. તમારા ઘેર વીજળી હશે, (મોબાઇલ charging તો જ થતુ હોય ને) જે જગતના ૧૮ કરોડ ઘરમાં નથી.

૦૭. તમે મોજથી જીવવા વાળા વ્યક્તિ છો, એટલે જ તો મોજ થી સુતા છો.. અને જો બેઠા હશો તો પગ ઉપર પગ ચડાવીને બેઠા હશો. આવી નિરાંત દુનિયાના અનેક કરોડોપતિ પાસે પણ નથી.

૦૮. આજ સવારે તમે ઉઠ્યા ત્યારે વિશ્વના ૮૮,૪૦૦ લોકો પોતાની ઊંઘમાં જ મૃત્યુ પામ્યા. આવુ દરરોજ બને છે.

૦૯. તમે આ બધું વાંચી શક્યા. મતલબ કે તમને લખતા વાંચતા આવડે છે માટે તમે આ વિશ્વના ૧૪૦ કરોડ નિરક્ષર લોકો કરતા નસીબદાર છો જેઓને વાંચતા આવડતું નથી.

ઔર જીને કો ક્યા ચાહિયે ?

આટલો મસ્ત લેખ તમે અત્યારે વાંચી રહ્યા છો, તો પછી છોડો ફરિયાદો, અને આભાર માનો ઈશ્વરનો, નસીબનો, પુરુષાર્થનો કે, જીવન મસ્ત છે. સવારે ઊઠીને આપણો પ્રથમ શબ્દ કયો હોવો જોઈએ ખબર છે?

Thank you, God..

ગમે તો આ સુખ બીજા સાથે વહેચશો, મજા આવશે..

---

# ખરાબ સમયનો પ્રારંભ આવતીકાલથી

ગઈકાલે 26 April થી 3 May કોઈ પણ વસ્તુ લેવા માટે ઘર છોડશો નહીં, કારણ કે સૌથી ખરાબ સમય નો પ્રારંભ આવતીકાલથી થવાનો છે..

ગઈ કાલથી #incubation ની તારીખ પૂરી થાય છે અને ઘણા પોઝિટિવ કેસ બહાર આવવાનું શરૂ થશે.. અને ઘણા લોકોને સામુહિક ચેપ લાગી શકવાનો ભય છે, તેથી ઘરે રહેવું ખૂબ જ મહત્વપૂર્ણ અને જરૂરી છે.

28 April થી 3 May સુધી નો સમય આપણે પોતાનું ધ્યાન રાખવું જોઈએ. કારણ કે એ સમયે આપણે વાયરસની ટોચ પર હોઈશું, સામાન્ય રીતે આ બે અઠવાડિયામાં બધા ચેપ દેખાશે, પછી ના બે અઠવાડિયા શાંત રહેશે.. અને પછીના બે અઠવાડિયામાં તેમાં ઘટાડો થાય છે.

ઇટાલીમાં જે ભયાનક બન્યું તે એ છે કે આ ચેપી અઠવાડિયા ની ત્યાં અવગણના કરવામાં આવી હતી અને તેથી ત્યાં બધા કેસ એક સાથે બહાર આવ્યા હતા.

કોઈની મુલાકાત લેવી નહી, નજીક ના કુટુંબીયો ની પણ નહીં, આ આપના બધાના ભલા માટે છે. આ સમય માં આપણે હોઈશું ચેપ ના મહત્તમ સ્ટેજ પર

આ સંદેશ, તમારા બધા ઓળખીતાઓ પર મોકલો ભયાનક સમય છે બહાર નીકળ્યા એટલે વણ માગ્યું મોત મળી શકે

---

## એપ્રિલ માં મોતનો આંકડો વધીને ૮૪ ઉપર પહોંચ્યો

# રાજપીપલા સ્મશાન ગૃહમાં આજે વધુ ત્રણ કોરોના મૃતકોના અગ્નિ સંસ્કાર કરાયા

રાજપીપલા, તા ૨૪

રાજપીપલા સ્મશાન ગૃહમાં આજે વધુ ત્રણ કોરોના મૃતકોના અગ્નિ સંસ્કાર કરાયાહતા. આજના ત્રણ મૃત્યુ આંક ની સાથે એપ્રિલ માંએક જ માસમાં રાજપીપલાસ્મશાન ગૃહમાં અગ્નિસંસ્કાર કરાયા છે. રોજ નર્મદા માં મોતનો આંકડો વધી રહ્યો છે પણ રાજપીપલા કોવિદ હોસ્પિટલ ના સત્તાધિશો એ આજની તારીખ માં મોતનો આંકડો શૂન્ય બતાવ્યો છે. અગાઉ ના અત્યાર સુધીમાં માત્ર ત્રણ ના સત્તવાર મોત નું ગાણું ગાયે રાખ્યું છે.

આશ્ચર્યની વાત એ છે કે કોરોના પોઝીટીવ દર્દી રાજપીપલા કોવિદ હોસ્પિટલ માં દાખલ થાય છે. હોસ્પિટલ માં જ દમ તોડે છે. અહીથી જ એમ્બ્યુલન્સમાં મૃતદેહ રાજપીપલા સ્મશાન ગૃહમાં પહોંચે છે. અને અગ્નિ સંસ્કાર થાય છે. સ્મશાન સત્તાવાળાઓ ને ચોપડે આંકડા બોલે છે પણ આરોગ્ય તંત્ર ના ચોપડે આંકડા બોલતા જ નથી ! કહેવાની જરૂર નથી કે તંત્ર મોતના આંકડા છુપાવે છે. તો શું રાજપીપલા સ્મશાન ગૃહમાં કોવિદ દર્દીઓના ભૂત આવે છે ?કોણ સાચું સ્મશાન ગૃહ ના સત્તાધીશો કે આરોગ્ય તંત્ર ?

રાજપીપલા કોવિદ હોસ્પિટલ ની સુવિધાવિશે સાંસદોએ લડાઈ લડવી પડી છે. તંત્ર જોઈએ છે તબીબો સ્ટાફ ની જાહેરાતો કર્યાકરે છે પણ તબીબો સ્ટાફ મળતા નથીનું ગાણું ગાતું તંત્ર અને અને સરકાર યુદ્ધના ધોરણે તબીબો ની ભરતી કરવામાં નિષ્ફળ નીવડી છે.ત્યારે આરોગ્ય તંત્ર દર્દીઓને મોતને હવાલે કરવાને બદલે એનો જીવબચાવે અને ઉત્તમ આરોગ્ય સુવિધા આપે અનેભવિષ્ય માં કેસો વધે તો તેની આગોતરી સુવિધા પણ તંત્ર વધારે એવી પ્રજાની માંગ છે. તંત્રની અસુવીધા હબાબતે હાલ પ્રજામાં ભારે રોષ છે.

જ્યોતિ જગતાપ, રાજપીપળા

---

💥સુરત મિત્ર💥

🙏ઘરમાં રહો-સુરક્ષિત રહો🙏

**બાકડાઓ માટે ગ્રાન્ટ: તો ઓક્સિજન માટે કેમ નહી: આમ આદમી પાર્ટી**

સુરત કોરોના સંક્રમણ વધતા મેડિકલ સુવિધાઓ પાંગળી સાબિત થઈ રહી છે. ત્યારે પાલિકામાંથી બાકડાઓ માટે ગ્રાન્ટ મળી શકે તો ઓક્સિજન બાટલા માટે કેમ નહી, એવા સવાલ ઉભા કરી આમ આદમી પાર્ટી ના નગર સેવકોએ ફરી સુરત મહાનગર પાલિકામાં સતા પર બેસેલી ભાજપની મુશ્કેલીઓ વધારી દીધી છે. તાત્કાલિક બાંકડા માટે ગ્રાન્ટ મજૂર કરી ભાજપ ઓક્સિજન માટે પાલિકા માનવતા દેખાડે એવા તીખા પ્રહાર કર્યા છે

---

# વધુ પડતા ૪૫% જેટલા પેન્સનરોને જ કોરોના અભડાવી રહ્યો છે..? : આમ જનતામાં ચર્ચાનો વિષય



સમગ્ર વિશ્વ સાથે ખાસ કરીને ભારત દેશમાં પણ કોરોના મહામારીએ હાહાકાર મચાવી નાખ્યો છે આ કોરોના વાયરસ હકીકતે છે શું..? લોકોમાં અંદરો અંદર થતી ચર્ચા પ્રમાણે એવો તે કેવો વાયરસ છે કે જે ફક્ત અને ફક્ત અત્યાર સુધી દેશના ૪૫% જેટલા પેન્સનરોને જ અભડાવી રહ્યું છે..? વાત કડવી પણ વિચારવા જેવી છે.! હવે વાત કરીએ તો મોટા મોટા અને માસ્ટર ડિગ્રી મેળવનારા વિષેસગ્યોના કહેવા પ્રમાણે કોરોના વાયરસ એક એવું વાયરસ છે જે એક વ્યક્તિથી બીજા વ્યક્તિના સ્પર્શ થકી ફેલાઈ જાય છે, હા એ વાત માનવી જોઈએ કેમ કે, મોટા મોટા વિશેસગ્યો જે અભ્યાસક્રમોમાં માસ્ટર ડિગ્રી મેળવી ચુક્યા છે તેઓ કહી રહ્યા છે અને આપણી સરકાર પણ એ વાતને સમર્થન આપે છે. હવે વાત આવી આ વાયરસને અટકાવવા માસ્ક જરૂરી છે બીજું કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવો, હા એ વાત ૧૦૦% સાચી છે કે હાથ વારેઘડી ધોવાથી હાથમાં જામેલી ધૂળ અને મેલ આપણા શરીરમાં પ્રવેશી ન જાય, ત્યારે શુ સેનેટાઇઝર યૂઝ કરવાથી કોરોના વાયરસ મરી જસે..? મોટા મોટા તજજ્ઞો એમ કહી રહ્યા છે કે વારે ઘડીએ હાથ ધોવા સારી વાત છે અને ખાસ કરીને સેનેટાઇઝર તો સૌથી બેસ્ટ છે..! હવે વાત આવી કોરોના વાયરસથી થતા મૃત્યુની તો મૃત્યુ આંકની જો ગણત્રી કરવામાં આવે તો ૪૫% જેટલા પેન્સનરો જ છે, એમ કેમ..? જનતા હવે પૂછે છે કે મૃત્યુ આંકમાં વધુ પડતા પેન્સનરો જ કેમ કોરોના વાયરસની ચપેટમાં આવી રહ્યા છેપ? બીજું કે મૃત્યુ પછી મૃતદેહને પરિવાર જનોના હાથે અગ્નિ સંસ્કાર કે દફન વિધિ શા માટે નથી કરવા દેવામાં આવતી..? અગર એ મૃતદેહને સ્પર્શ કરવાથી કોરોના સંક્રમણ ફેલાય તો એવા ઘણા બધા વિડીયાઓ સામે આવ્યા છે જેમાં કોરોના સંક્રમિત મૃતદેહને વગર માસ્ક કે વગર કીટ પહેરી ટેપ પટીથી વિટાડવામાં આવે છે શું તેઓને સંક્રમણ નહિ લાગે..? હવે આવા ગણા બધા સવાલો જનતામાંથી તંત્ર સામે ઊભા થવા લાગ્યા છે. બાકી સરકારે બનાવેલા નિયમનું પાલન કરો અમે પણ પાલન કરીયે છીએ બાકી અમારી એજ અપીલ છે કે પોતે પણ સુરક્ષિત રહો અને બીજાને સુરક્ષિત રાખો.



ગુજરાત ના આરોગ્ય રાજ્ય મંત્રી કુમાર કાનાણી દર્દી ને સ્ટ્રેચર ઉપર સર્ટિફિકેટ આપતો ફોટો પડાવી બતાવી રહ્યા છે કે પોતે પાંચ ચોપડી પાસ દેશ દુનિયા ના લોકો ને ભાજપ નું મંત્રી પદ બતાવી ગુજરાત ની આબરૂ ના ધજ્જિયા ઉડાવી રહ્યા છે.અને આવું અજ્ઞાની મંત્રી પદ થી ભાજપ ગુજરાત નુબનામ રોશન કરવા નીકળ્યો છે  ડૂબી મારો ભગવા ભાજપ વાળા હવેતો ગદ થઈ..

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ શ્રીડો.બિપીનભાઈ ત્રિવેદીનું વેક્સિન માટે સમાજને આહવાન



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના આદરણીય સર્વે ભાઈઓ અને બહેનો ને મારી નમ્ર વિનંતી છે. આ વૈશ્વિક મહામારી માં વેક્સિન જ એક આપણું કવચ છે. અને રામબાણ ઈલાજ છે.. ૧ એપ્રિલ થી ૧૮ વર્ષ થી ઉપર ના દરેક ને વેક્સિન આપવાની સરકારશ્રી ની તૈયારી સરાહનીય છે. એટલે રસીકરણ સેન્ટર પર સંખ્યા વધુ રહેશે એ માટે ૧ એપ્રિલ પહેલા ૪૫ વર્ષ થી ઉપરના સર્વે વેક્સિન જરૂર થી લ?ઈ લેજો અને યુવાધન એ સમાજ ની તાકાત છે.

આ સમયે જ્યાં આપણ ને સુવિધાઓ મળતી નથી ત્યાં વેક્સિનેશન જ એકમાત્ર સમાજ માટે તારણહાર છે. તો ૧ એપ્રિલ પછી ૧૮ વર્ષ થી ઉપરના તમામ લોકો વેક્સિન લો.

જિલ્લા સંગઠન ના હોદેદારો, તાલુકા-શહેરના હોદેદારો, મહીલા સંગઠન ટીમ,યૂવા સંગઠન ટીમ આ તમામ મિત્રો સામાજિક જવાબદારી સમજી સમાજ ને વેક્સિન અપાવી..રાષ્ટ્રીય કાર્ય ના સહભાગી બનો..આ એક સેવાનું જ કામ છે..

ભીડ થી દૂર રહો,માસ્ક અવશ્ય પહેરો...અને પ્રાણવાયુ માટે વૃક્ષો વાવો.



વડીલ મુરબ્બી મારા જીવન પથ ગુરુ સમાન ગાંધીનગર નિવાસી પૂર્વ પ્રિન્સિપાલ ગાયત્રી વિદ્યા મંદિર.મોટી સિહોલી. આઈ.સી..પંડ્યા સાહેબ ના અચાનક અવસાન ના સમાચાર વજ્રઘાત સમાન..સરળ મૃધુશિલ સ્વભાવ બ્રહ્મ સમાજ ના સાચા પાયા ના કાર્યકર આજે સમગ્ર સમાજ ના સ્નેહી વર્તુળ દુઃખ ની લાગણી અનુભવે છે..ભગવાન તેમના આત્મા ને શાંતિ આપે.તેમના પરિવાર ને દુઃખ સહન કરવાની શક્તિ આપે તે જ અભ્યર્થના..

### ટેલીફોનિક બેસણું



**નવીનચંદ્ર ભોગીલાલ મહેતા** (નિવૃત એસીપી)

તા. ૨૧.૦૪.૨૦૨૧ ચૈત્ર સુદ નોમ રામનવમી ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિક ક્રિયાઓ રાખેલ નથી. સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા. ૩૦.૦૪.૨૦૨૧ના શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

લિ.

મહેશ (પુત્ર)
દર્શના (પુત્રવધૂ)
વરદ, આકાંક્ષા
પ્રિયંકા હર્ષ કુમાર

નલીનીબેન નવીનચંદ્ર મહેતા
અલકા (પુત્રી) - 9001208999
નિશાંત (પૌત્ર) - 9925702575
નીતા (પુત્રી) - 9157878973
મહેશ મહેતા (પુત્ર) - 1(647)7730494

અલકા નંદકિશોર
નીતા ચેતનકુમાર
શિલ્પા સંજયકુમાર

• શ્રેયા • નિખિલ • પ્રિન્સી દ્રુમિતકુમાર • નિરજ જેની • આશુતોષ • વિરાજ • ઈરા

### નર્મદા પોલીસનું ચીકાવનારું તારણચિંતાનો વિષય

# ડેડીયાપાડા પોલીસે લોકોને કરી જાહેર અપીલ બહારગામ જવાનું બિલકુલ બંધ કરી દો પરિવારમાં લગ્ન હોય તો લગ્ન બંધ રાખો

## ગામડાઓની પરિસ્થિતિ ખુબજ ગંભીર છે,નથી કોઈ ટેસ્ટ કરાવતા કે નથી સરકારી હોસ્પિટલ જઈ સારવાર લેતા!

રાજપીપલા, તા ૨૫

નર્મદામાં કોરોના રેટ અને ડેથ રેટ રોકેટ ગતિએ વધી રહ્યો છે ત્યારે તેને રોકવા હવે પોલીસ પણ આગળ આવી છે. પોતાની જાત ને બચાવી પોતે જ કોરોના વોરીયર બનો. ડેડીયાપંથક માં સતત રોજના વધતા જતા કેસો સામે ડેડીયાપાડાપીએસઆઇ એ આર ડામોરે સૌને જાહેર અપીલ કરી છે પોલીસે ખુદ જાહેર અપીલમાં કેટલીક ચોંકાવનારી હક્કીત જણાવી છે.

જેમાં નર્મદા પોલીસ નું ચીકાવનારું તારણચિંતાનો વિષય બન્યો છે ગામડાઓની પરિસ્થિતિ ખુબજ ગંભીર છેનથી કોઈ ટેસ્ટ કરાવતા કે નથી સરકારી હોસ્પિટલ જઈ સારવાર લેતા.મેડીકલ ટીમ ટેસ્ટ કરવા માટે જાય તો બીમાર વ્યક્તિ ને ઘરમા તાળુ મારી બાકીના બધા સભ્યો ખેતરે જતા રહે છે....તેમણે ભારે હૈયે જણાવ્યું છે કે મારા ઘરે મમ્મી પપ્પા મારા પત્ની સહીત કુટુંબ ના સભ્યો સંક્રમિત છે

પીએસઆઇ ડામોરે જણાવ્યું છે કે ડેડીયાપાડા પોલીસ સ્ટેશન વિસ્તાર ના તમામ ગામના સરપંચ, સામાજીક,રાજકીય, ધાર્મિક અગ્રણીઓ તથા તમામ ભાઈઓ બહેનોને અપીલ છે કે હાલના સમયે કોરોના બિમારી ભયંકર ઝડપે ફેલાઈ રહી છે..હોસ્પિટલો માં ખાટલા ખાલી નથી.. માણસો ના મૃત્યુ ટપોટપ થઈ રહ્યા છે.. બચવાનો ઉપાય છે...માત્ર અને માત્ર ઘરે રહો... બહાર કે બહારગામ જવાનું બિલકુલ બંધ કરી દો.. પોતાના કુટુંબીજનો સિવાય કોઈ ને પણ મળશો નહી.. કમસે કમ એકાદ મહિનો આટલું કરીશું તો આપણે પોતે બચી શકીશું.. આપણા પરિવાર ને બચાવી શકીશું ...

આ સમય માં પરિવાર માં લગ્ન હોય તો લગ્ન બંધ રાખો.. કેન્સલ રાખો..રોકી દો... આ આપણા લગ્ન પ્રસંગો ઘણા પરિવારો માં માતમ ફેલાવી દેશે.. ઘણા સગાને મોતના મુખમાં ધકેલી દેશે.. અને જો કેન્સલ કરવાનુ શક્ય જ ના હોય તો ફક્ત પોતાના પરિવાર ના લોકો ની હાજરી માં જ આ પ્રસંગ પુરા કરો.... હોળી બાદ કોરોના મહામારીએ ખુબ ગંભીર સ્વરૂપ ધારણ કરેલ છે

આપણા ગામડાઓની પરિસ્થિતિ ખુબજ ગંભીર છે.નથી કોઈ ટેસ્ટ કરાવતા કે નથી સરકારી હોસ્પિટલ જઈ સારવાર લેતા કોઈ બીમાર હોય અને મેડીકલ ટીમ ટેસ્ટ કરવા માટે જાય તો બીમાર વ્યક્તિ ને ઘરમા તાળુ મારી બાકીના બધા સભ્યો ખેતરે જતા રહે છે.... સાધારણ તાવ,માથુ,શરદી,ખાસી,સ્વાદ જતો રહેવો સુગંધ પારખવાની શક્તી જતી રહેવી વીગેરે જેવા લક્ષણો હોય તો કોઈ પણ પ્રકાર ની રાહ જોયા વિનાનજીક ના પી.એચ.સી,સી.એસ.સી કે કોવીડ કેર સેન્ટર અથવા ડેડીયાપાડા મા ચાલુ કરવામા આવેલ કોવીડ ટેસ્ટ કેન્દ્ર પર જઈ તાત્કાલિક ટેસ્ટ કરાવો

પોઝીટીવ આવે તો ગભરાયા વિના ડોક્ટર ની સલાહ મુજબ સારવાર લો

સાથે સાથે આયુર્વેદીક ઓ ઓષધીઓનુ સેવન કરો

સવારે ઉઠી યોગ પ્રણાયામ કરો



શરુઆત થી નિદાન કરાવી વેળાસર સારવાર લેવાથી તમે પોતે તથા તમારા પરીવાર ને બચાવી શકશો

અને હોમ કોરોન્ટાઈન રહેશો તો ગામ મા પણ પ્રસરતુ રોકી શકીશુ માટે

ડરવાની જરુર નથી પોતેજ સરકાર ની ગાઇડલાઇન નુ પાલન કરી આરોગ્ય વિભાગ તથા પોલીસ તંત્ર ને સહકાર આપી હુ પણ કોરોના વોરીયર ની લડાઈ મા સહભાગી બનો. આપણા ગામડાના લોકો દુર દુર ઘરોમાં રહે છે.... એટલે દુર ના ઘરે રહેતા લોકો ને કોરોના નો ચેપ લાગશે નહીં.... એટલે કોરોના થી બચવાની આપણને ખુબ સારી તક છે... આપણે ઘરે રહીશું..તો ચોક્કસ બચી શકીશું.. આપણા ઘરે અનાજ પાણી છે.... એટલે કમ સે કમ એક મહિનો..

ઘરે જ રહો..,કુટુંબ સાથે જ રહો..,લગ્ન માં જશો નહીં..,લગ્ન.. વાસ્તુ બંધ રાખશો..

તમારી આજુબાજુ કોઈ પણ જગ્યાએ લગ્ન પ્રસંગ હોય, ભીડ ભેગી થાય ડી.જે વાગે તો મારા વોટ્શેપ નંબર ૯૫૮૬૧ ૩૬૯૫૮ ઉપર કોલ મેસેજ કરવો તમારુ નામ ગુપ્ત રહેશે

ગભરાશો નહીં..,ઘરે રહીશું તો ચોક્કસ બચીશુ,ફરીથી કોઈ પ્રસંગો મા મળીશુ,નહી તર તસ્વીરો મા નીહાળીશુ ...

જેથી મારી આપ સૌને
નમ્ર વિનંતી છે..
નમ્ર અપીલ છે..
નમ્ર પ્રાર્થના છે..
ઘરે રહો સુરક્ષીત રહો

તસવીર :જ્યોતિ દીપક જગતાપ, રાજપીપલા

### GJ 18 શહેર વસાહત મહાસંઘના પૂર્વ મહામંત્રી

# કે.પી. સોલંકી નું અવસાન થતા ઘેરા શોકની લાગણી

ગાંધીનગર

કોરોનાની મહામારી ના કારણે અત્યારે મિત્રો વડીલો પાસે પણ કેમ છો પ છવાનો સમય નથી અત્યારે અંધાધૂંધી એટલી ફેલાઈ રહી છે કે દરેક વ્યક્તિ રહ્યો છે ત્યારે જીહ ૧૮ શહેર વસાહત મહાસંઘના પ ર્વ મહામંત્રી બાહોશ અને શાંતિપ્રિય એવા નિષ્ઠાવાન તથા લોકોને માર્ગદર્શન એવા કે પી સોલંકી નું અવસાન થતાં અનેક સિનિયર આગેવાનો માં ચર્ચા જગાવી છે ત્યારે કે.પી સોલંકી પોતે શાંતિપ્રિય અને કોઈપણ પ્રશ્નનું નિરાકરણ બળ નહી પણ કળથી લગાવવામાં માહેર



ગણાતા કે પી સોલંકી આજે આપણી વચ્ચે રહ્યા નથી ત્યારે તેમણે જીહ ૧૮ ના વિકાસમાં હોદેદારો સાથે રહીને હર હંમેશ પ્રજાના કામો માટે મદદરૂપ થયેલા છે ત્યારે તેમને ચાણક્ય નું બિરુદ પણ મળેલ છે આજે વસાહત મહાસંઘ માં ચાણક્યની ખોટ રહેશે તેમાં બેમત નથી કે પી સોલંકી ના અવસાનના સમાચાર મળતાં જ વસાહત મહાસંઘ થી લઈને અનેક લોકોને લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો ત્યારે હર હંમેશ માનવજાત માટે માનવ મિત્ર બનેલા કે પી સોલંકી ની અણછાજતી વિદાયથી ઘેરા શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ.

### અરવલ્લીમાં ૪૮ કલાકમાં કોરોનાથી ૧૮ દર્દીઓનાં મોત

# મોડાસા અંતિમધામમાં વધુ ૪ ભઠ્ઠીઓ યુદ્ધના ધોરણે નગરપાલિકા બનાવવાનો નિર્ણય

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક બનતી બનતી જાય છે  જીલ્લામાં કોરોના સંક્રમીત દર્દીઓ ટપોટપ મોતને ભેટી રહ્યા છે જીલ્લામાં કોરોના સંક્રમણ કાળો કેર મચાવી રહ્યું છે.કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃત્યુનો સીલસીલો યથાવત રહ્યો છે રવિવારે ૧૨ કલાકમાં વધુ ૪ દર્દીઓના મૃત્યુ નિપજવાની સાથે છેલ્લા ૪૮ કલાકમાં ૧૮ થી વધુ દર્દીઓને કોરોના ભરખી જતા અને જીલ્લામાં સતત કોરોનાનું સંક્રમણ વધતા જીલ્લામાં ફફડાટ ફેલાયો છે આ ઉપરાંત જીલ્લામાં રસીકરણ ઝૂંબેશ તેજ કરવામાં આવી છે બીજીબાજુ ધડાધડ નવા કેસ વધવાની સાથે લોકોના મોત નિપજતા જીલ્લાવાસીઓની ચિંતામાં વધારો થયો છે જીલ્લા વહીવટી તંત્રની ઉંઘ હરામ થઇ છે.  અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્ર કોરોના સંક્રમીત દર્દીઓના મોતના આંકડા જાહેર કરતુ નથી બીજીબાજુ મોડાસા શહેરમાં આવેલ સ્મશાનમાં સતત કોરોના ગાઈડલાઈન અનુસાર એક પછી એક



મૃતદેહની અંતિમવિધિ થઇ રહી છે તંત્ર જાણે કોરોના સામે વામણું પુરવાર થઇ રહ્યું હોય તેમ કોરોનાગ્રસ્ત દર્દીઓના સુવિધાઓના મુદ્દે હાથ ઉંચા કરી નાખ્યા હોય તેવી સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે મોડાસાના સ્મશાનમાં લાશોનો ઢગ જામી રહયો હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. મોડાસા શહેરમાં છેલ્લા સપ્તાહમાં એક સાથે ૪ થી ૫ મૃતદેહ અંતિમક્રિયા માટે પહોંચતા સગડી બહાર અગ્નિદાહ આપવાની ફરજ પડી હતી. મોડાસા શહેરના અંતિમધામમાં સગડીઓ ખૂટી પડતી હોવાથી નગરપાલિકા તંત્રએ તાબડતોડ વધુ ૪ સગડીઓ બનાવવાનો નિર્ણય કર્યો છે . મોડાસા શહેર અંતિમધામનું સંચાલન સેવા કરતા જયેશ દોશીના જણાવ્યા અનુસાર છેલ્લા સપ્તાહથી મોડાસા સ્મશાનમાં દરરોજ ૮ થી વધુ મૃતદેહો આ સ્મશાનગૃહમાં અગ્નિ સંસ્કાર માટે આવતા હોવાનું જણાવતા તંત્રના આંકડા છુપાવવાનું પાપ પોકારી ઉઠયું હતું.

જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે જરૂરી સારવાર કેન્દ્રો, ઓકસીજન, રેમડેસીવર ઈન્જેકશન, દવા, વેન્ટીલેટરની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આરોગ્ય તંત્ર લાચાર લાગી રહ્યું છે લોકોને ટેસ્ટ કરાવવા રેપીડ કે આરટીપીસીઆર ની કીટ્સ પણ છાસવારે ખૂટી પડે છે તેમજ કોઈ પણ  જરૂરીયાત બાબતે ફોન કરતા જિલ્લાના અધિકારીઓ ફોન ઉપાડતા જ નથી નું લોકો જણાવી રહ્યા છે.

# મહીસાગરનો ગરીબ પરિવાર રીક્ષામાં ઓક્સીજન સાથે કોરોના સંક્રમીત દર્દીને લઇ છેલ્લા બે દિવસથી સારવાર માટે રઝળપાટ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. જેના કારણે જિલ્લામાં હાલમાં કોઈ હોસ્પિટલમાં દર્દીની સારવાર માટે ઓક્સિજન બેડની કોઈ વ્યવસ્થા ના હોવાના કારણે સારવાર માટે ભારે રઝળપાટ કરવાની સાથે દર્દીઓ મોતને ભેટી રહ્યાં છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં આજુબાજુના જીલ્લા સહીત રાજસ્થાનથી દર્દીઓ કોરોનાની સારવાર માટે એનકેન પ્રકારે પહોંચી રહ્યા છે ત્યારે મહીસાગર જીલ્લાના વડધરી ગામનો ગરીબ પરિવાર ઘરના મોભીને કોરોનાગ્રસ્ત થતા મહીસાગર જીલ્લામાં સારવાર ન મળતા ઓક્સીજનની બોટલ સાથે રિક્ષામાં અરવલ્લી જીલ્લાની સરકારી કોવીડ હોસ્પિટલોમાં સારવાર માટે છેલ્લા ૨૪ કલાકથી ભટકી રહ્યો છે કોરોનાગ્રસ્ત દર્દીને ઓક્સીજનની સતત જરૂર હોવાથી રીક્ષામાં ઓક્સીજનની બોટલ સાથે દર્દીના પરિવારજનો ઝડપથી સારવાર માટે કાકલુદી કરી રહ્યા હોવાથી મીડિયા સામે પરીવારની મહિલા અને રીક્ષા ચાલકે દર્દીને ઝડપથી સારવાર મળે તે માટે આજીજી કરતા નજરે ચઢ્યા હતા મહિલાની આંખોમાં આંસુ પણ સુકાતા નથી . ગુજરાતમાં કોરોના સંક્રમીત દર્દીઓની સંખ્યા સતત વધતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઓક્સીજન અને વેન્ટીલેટર બેડ ફૂલ થઇ ગયા છે મહીસાગર જીલ્લામાં કોરોના સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે મહીસાગર જીલ્લામાં કોરોના સંક્રમીત દર્દીઓ યોગ્ય આરોગ્યલક્ષી સેવાના અભાવે હાલત કફોડી બની છે ત્યારે મહીસાગર જીલ્લાના વડધરી ગામનો એક ગરીબ મહિલા અને તેનો પરિવાર તેમના સ્વજનને અરવલ્લી જીલ્લામાં યોગ્ય સારવાર મળી રહેશેને આશાએ રિક્ષામાં ઓક્સીજન સીલીન્ડર સાથે પહોંચ્યા પછી સરકારી કોવીડ હોસ્પિટલમાં બેડ ન મળતા છેલ્લા ૨૪ કલાકથી દર્દીને રીક્ષામાં ઓક્સીજન આપી રહ્યો હોવાની સાથે સારવાર માટે ભારે રઝળપાટ કરી રહ્યો છે અરવલ્લી જીલ્લામાં ઉભી કરેલ સરકારી કોવીડ હોસ્પીટલના બેડ ફૂલ હોવાથી ફરજ પરના તબીબો પણ કોરોના સંક્રમીત દર્દીની સારવાર કરવા લાચારી અનુભવી રહ્યા હોય તેમ એક હોસ્પીટલ થી બીજી હોસ્પીટલ ધકેલી રહ્યા હોવાનું ગરીબ પરિવારના સ્વજને જણાવ્યું હતું મહીસાગર જીલ્લાના વડધરી ગામનો ગરીબ લાચાર પરીવાર છેલ્લા બે દિવસથી ઘરના મોભીને કોરોના થતા ઓક્સીજનની બોટલ સાથે રિક્ષામાં સારવાર માટે ભટકી રહ્યો હોવાના સમાચાર સ્થાનીક યુ-ટ્યૂબ ચેનલ પર પ્રસારીત થતા જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાને ધ્યાને આવતા તાબડતોડ ગરીબ પરિવારનો ટેલીફોનીક સંપર્ક કરી તેમના સ્વજનને યોગ્ય સારવાર મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા સ્થાનિક આરોગ્ય તંત્રને તાકીદ કરતા ગરીબ પરીવારની ચીંતા દૂર થતા હાશકારો અનુભવ્યો હતો




## ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલની વેબસાઈટ હેક

સુરત,તા.૨૬

કોરોના મહામારી વચ્ચે પણ સાયબર ક્રાઈમના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે ગુજરાત ભાજપ પ્રમુખની વેબસાઈટ હેક થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે. ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર.પાટીલની વેબસાઈટ હેક થતાં રાજનીતિ ગલિયારોમાં ચકચાર મચી જવા પામી હતી. પાટીલની વેબસાઈટ હેક થતાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે ગુજરાત ભાજપ પ્રમુખની વેબસાઈટ હેક થઈ છે. મોહમંદ બીલાદ નામના ગ્રુપે સી.આર.પાટીલની વેબસાઈટ હેક કરી હોવાની માહિતી મળી રહી છે. આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમે ફરિયાદ નોંધી તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. જેમાં મહોમ્મદ બીલાદ નામના ગ્રુપે વેબસાઈટ હેક કરી હોવાનો ખુલાસો થયો હતો. હાલ આગળની તપાસ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એકાદ વર્ષ પહેલા ભાજપના પ્રમુખ સી.આર.પાટીલનું ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ કોઈક અજાણ્યા વ્યક્તિએ હેક કર્યુ હતું. જેથી સાંસદ પાટીલે પોલીસ કમિશનરને અરજી આપી હતી. ત્યારબાદ સાયબર ક્રાઈમને તપાસ સોંપવામાં આવી હતી. એકાઉન્ટ હેક થયાના બે દિવસ પહેલા કોઈકે સી.આર.પાટીલનું ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ હેક કરી તેમાં ચેટિંગ કરતો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.